4 નફો-ખોટ (Profit-Loss)

- **યાદ કરીએ :**
  - જે કિંમતે વેપારી વસ્તુ ખરીદે તે કિંમતને વસ્તુની **મૂળ કિંમત (Cost price) અથવા ખરીદ કિંમત** કહેવાય.
  - ખરીદી પછી તે વસ્તુ માટે થતા વધારાના ખર્ચને **ખરાજાત** (Additional expense) કહેવાય. મજૂરી, ભાડું, જકાત, કર, સમારકામ વગેરે માટેનો ખર્ચ એ ખરાજાત ગણાય.
  - **મૂળ કિંમત અને ખરાજાતના સરવાળાને પડતર કિંમત** (Net price) **કહેવાય.** જ્યારે અન્ય ખર્ચ ન થયો હોય ત્યારે મૂળ કિંમતને જ પડતર કિંમત ગણાય.

    પડતર કિંમત = મૂળ કિંમત + ખરાજાત
  - જે કિંમતે વેપારી વસ્તુ વેચે તે કિંમતને વસ્તુની **વેચાણકિંમત (Sale price)** કહેવાય.
  - વસ્તુ વેચતાં પડતર કિંમત કરતાં મળતી વધારાની રકમને **નફો** કહેવાય.

    નફો = વેચાણકિંમત – પડતર કિંમત

    તેથી **નફો = વે.કિં – પ.કિં.**
  - વસ્તુ વેચતાં પડતર કિંમત કરતાં જેટલી રકમ ઓછી મળે તે રકમને **ખોટ** કહેવાય.

    ખોટ = પડતર કિંમત – વેચાણકિંમત

    તેથી **ખોટ = પ.કિં. – વે.કિં.**

    નફો થયો હોય ત્યારે, **વેચાણકિંમત = પડતર કિંમત + નફો**

    ખોટ ગઈ હોય ત્યારે, **વેચાણકિંમત = પડતર કિંમત – ખોટ**

હવે, આપેલી વિગતના આધારે જવાબ લખો :

એક વેપારીએ ₹ 9950 માં એક ટીવી ખરીદ્યું. તે ટીવીને લાવવાની મજૂરી ₹ 50 ચૂકવી. આ ટીવી ₹ 10,700માં વેચતા તેને ₹ 700 નફો થયો.

મૂળ કિંમત	= ₹	ખરાજાત	= ₹ ....
પડતર કિંમત	= ₹	વેચાણકિંમત	= ₹ ....
નફો	= ₹	નફો	= .... ટકા

- **નવું શીખીએ :**
  - ધોરણ 6માં આપણે નફો કે ખોટ ટકામાં શોધતાં શીખ્યા. હવે નફો કે ખોટના ટકા અને પડતર કિંમતના આધારે વેચાણ કિંમત કેવી રીતે શોધી શકાય તે સમજીએ.

ઉદાહરણ 1 : ₹ 400ની વસ્તુ 10% નફો મેળવવા કેટલા રૂપિયામાં વેચવી જોઈએ ?

ઉકેલ : રીત : 1

₹ 100ની મૂ.કિં. પર નફો = ₹ 10

∴ ₹ 400ની મૂ.કિં. પર નફો = $\left(10 \times \frac{400}{100}\right)$

= ₹ 40

∴ વેચાણકિંમત = નફો + પડતર કિંમત

= ₹ (40 + 400)

= ₹ 440

રીત : 2

10 % નફો મેળવવા ₹ 100 ની વસ્તુ 110 રૂપિયામાં વેચવી પડે.

₹ 100ની વસ્તુની વે.કિં. = ₹ 110

તો ₹ 400ની વસ્તુની વે.કિં. = ₹ $\frac{110 \times 400}{100}$

= ₹ 440

∴ ₹ 400ની વસ્તુ 10 % નફો મેળવવા 440 રૂપિયામાં વેચવી જોઈએ.

મહાવરો : 1

1. નીચેનું કોષ્ટક ગણતરી કરીને પૂર્ણ કરો :

ક્રમ	મૂ.કિં. (₹ માં)	ખરાજાત (₹ માં)	નફો (ટકામાં)	ખોટ (ટકામાં)	વે.કિં.
1.	60	–	5	–	....
2.	40	–	10	–	....
3.	1000	–	12	–	....
4.	240	–	–	15	....
5.	1500	–	–	5	....
6.	24	–	–	12.5	....
7.	1650	150	–	5	....
8.	750	50	–	10.5	....
9.	3800	200	15.5	–	....

2. વૈરાગીએ ₹ 450માં એક ટેબલ ખરીદ્યું. આ ટેબલ પર ખરાજાત ₹ 50 છે. 12 % નફો લેવા આ ટેબલ કેટલા રૂપિયામાં વેચવું જોઈએ ?

3. વિવેકભાઈએ એક ટીવી ₹ 16,000માં ખરીદ્યું. તે પર ભાડું અને મજૂરી ખર્ચ ₹ 200 થયો. 12 % નફો લેવા તેમણે આ ટીવી કેટલા રૂપિયમાં વેચવું જોઈએ ?

4. દિપાલીએ એક સોફાસેટ ₹ 14,500માં ખરીદ્યો. તે પર ખરાજાત ₹ 500 છે. આ સોફાસેટ ન ગમતાં 8.5 % ખોટ ખાઈ વેચી દીધો. દિપાલીએ કેટલા રૂપિયામાં સોફાસેટ વેચ્યો હશે ?

5. અખિલેશભાઈએ એક મકાન ₹ 9,50,000 માં ખરીદ્યું. રંગકામ કરવાનો ખર્ચ ₹ 50,000 થયો. 14.5 % નફો લેવા તેમણે આ મકાન કેટલા રૂપિયામાં વેચવું જોઈએ ?

6. ₹ 55,000 માં ખરીદેલ એક ટીવી તમીઝાએ 14 % નફો લઈ શર્મિનને વેચી દેતાં તમીઝાને એક ટીવીના કેટલા રૂપિયા ઉપજ્યા હશે ?

- **દલાલી (Brokerage) :**

નરેશભાઈને જૂનું ટ્રેક્ટર ખરીદવું છે. આ માટે તેઓ હરેશભાઈને વાત કરે છે.

હરેશભાઈ : માત્ર બે વર્ષ જ વપરાયેલું ટ્રેક્ટર મારા ધ્યાનમાં છે.

નરેશભાઈ : અરે, એ તો ઘણું જ સરસ.

હરેશભાઈ : તમને જોઈએ છે એવું ટ્રેક્ટર બતાવું અને વ્યાજબી કિંમતે અપાવું. જો તમે તે ખરીદો તો તમારે મને 2000 રૂપિયા આપવા પડશે.

નરેશભાઈ : સારૂ.... તમે મને એ બતાવો તો ખરા...

હરેશભાઈ : ચાલો.... (પરેશભાઈના ખેતરે જઈને) પરેશભાઈ.... જરા આ બાજુ આવો. જુઓ મારા મિત્ર નરેશભાઈ આવ્યા છે, તેઓ તમારું ટ્રેક્ટર પસંદ પડે તો ખરીદવા ઇચ્છે છે. તમે તમારી રીતે વાત કરી લો. પણ જો વેચાય તો તમારે મને ₹ ૧,૦૦૦ આપવા પડશે.

નરેશભાઈ ટ્રેક્ટર જોઈને પસંદ પડતા પરેશભાઈને તેની કિંમત પૂછીને થોડી રકઝકના અંતે 1,80,000 રૂપિયા આપી તે ટ્રેક્ટર ખરીદે છે, અને શરત મુજબ હરેશભાઈને 2000 રૂપિયા આપીને ટ્રેક્ટર લઈ ચાલ્યા જાય છે. પરેશભાઈ હરેશભાઈને બોલાવીને અગાઉ નક્કી થયા મુજબ ટ્રેક્ટર વેચાવી આપવા બદલ 1000 રૂપિયા આપીને વિદાય કરે છે.

- **હવે જણાવો :**

(1) પરેશભાઈએ ટ્રેક્ટર કેટલા રૂપિયામાં વેચ્યું ?

(2) નરેશભાઈએ ટ્રેક્ટર કેટલા રૂપિયામાં ખરીદ્યું ?

(3) પરેશભાઈએ હરેશભાઈને કેટલા રૂપિયા આપ્યા ? કેમ ?

(4) નરેશભાઈએ હરેશભાઈને કેટલા રૂપિયા આપ્યા? કેમ ?

(5) પરેશભાઈને ટ્રેક્ટર વેચતાં ખરેખર કેટલા રૂપિયામાં મળ્યા ?

(6) નરેશભાઈએ ટ્રેક્ટર ખરીદવા ખરેખર કેટલા રૂપિયા ચૂકવ્યા ?

(7) હરેશભાઈને કોની કોની પાસેથી રૂપિયા મળ્યા ? કેટલા ?

(8) હરેશભાઈએ ખરેખર તો કોઈ વસ્તુ ખરીદી કે વેચી નથી, છતાં તેમને રૂપિયા મળ્યા, કેમ ?

ખરીદનાર અને વેચનારનો સંપર્ક કરાવી આપનાર વ્યક્તિને દલાલ કહેવાય.

ઉપરના વાર્તાલાપમાં હરેશભાઈ દલાલ છે.

વસ્તુની લે-વેચ થતાં ખરીદનાર કે વેચનાર અથવા બન્ને પાસેથી દલાલ જે નિશ્ચિત રકમ લે છે, તેને દલાલી કહેવાય. ઉપરના વાર્તાલાપમાં હરેશભાઈએ નરેશભાઈ પાસેથી 2000 રૂપિયા અને પરેશભાઈ પાસેથી 1000 રૂપિયા દલાલી લે છે.

વસ્તુ વેચનારને મળતી રકમ = વે.કિં. – દલાલી

વસ્તુ ખરીદનારને ચૂકવવી પડતી રકમ = મૂ.કિં. + દલાલી

દલાલી એ એક પ્રકારની ખરાજાત છે.

ઉદાહરણ 2 : પ્રકૃતિએ ₹ 9600માં જૂનો સોફાસૅટ દલાલ મારફતે 2 % દલાલી આપીને ખરીદ્યો, તો તેને સોફાસેટ કેટલા રૂપિયામાં પડ્યો ?

ઉકેલ : 2 % દલાલી એટલે ₹ 100 ની ખરીદી પર દલાલી = ₹ 2

∴ અહીં દલાલી = ₹ 9600 ના 2 %

$= ₹ \left(9600 \times \frac{2}{100}\right) = ₹\ 192$

∴ પડતર કિંમત = મૂ.કિં + દલાલી

= ₹ 9600 + ₹ 192 = 9792

∴ પ્રકૃતિને આ સોફાસૅટ 9792 રૂપિયામાં પડ્યો.

ઉદાહરણ 3 : કાસમભાઈએ ₹ 6,00,000માં એક દુકાન દલાલ મારફત ખરીદી. દલાલે વેચનાર પાસેથી 1 % અને ખરીદનાર પાસેથી 2 % દલાલી લીધી. દલાલને કુલ કેટલા રૂપિયા દલાલી મળી હશે ?

ઉકેલ : રીત 1 : દલાલ વેચનાર પાસેથી 1 % દલાલી લે છે.

∴ વેચનારે ચૂકવેલી દલાલી = ₹ 6,00,000ના 1 %

$= ₹ \left(600000 \times \frac{1}{100}\right)$

= ₹ 6000

દલાલ ખરીદનાર પાસેથી 2 % દલાલી લે છે.

∴ ખરીદનારે ચૂકવેલી દલાલી = ₹ 6,00,000 ના 2%

$= ₹ \left(600000 \times \frac{2}{100}\right)$

= ₹ 12,000

∴ દલાલને મળતી કુલ દલાલી

= વેચનારે ચૂકવેલી દલાલી + ખરીદનારે ચૂકવેલી દલાલી

= ₹ 6,000 + ₹ 12,000 = ₹ 18,000

∴ દલાલને કુલ 18,000 રૂપિયા દલાલી મળી હશે.

રીત 2 : અહીં દલાલને મળતી દલાલી

= 2 % + 1 %

= 3 %

આમ, ₹ 6,00,000ની કિંમત પર 3 % દલાલીની ગણતરી કરીને સીધી કુલ દલાલી ગણી શકાય.

દલાલને મળતી કુલ દલાલી

= ₹ 6,00,000ના 3 %

$= ₹ \left(600000 \times \frac{3}{100}\right)$

= ₹ 18,000

મહાવરો : 2

1. 2 % દલાલી ચૂકવીને દલાલ મારફત જૂનું સ્કૂટર ₹ 15,000માં ખરીદતાં તે સ્કૂટર કેટલા રૂપિયામાં પડ્યું કહેવાય ?
2. ₹ 80,000માં દલાલ મારફત એક કાર વેચાઈ. દલાલે ખરીદનાર અને વેચનાર બંને પાસેથી 2.5 % દલાલી લીધી. તેને કુલ કેટલા રૂપિયા દલાલી મળી ?
3. વિનોદભાઈએ દલાલ મારફત તેમની દુકાન ₹ 7,50,000 માં વેચી. દલાલે આ કામ માટે તેમની પાસે 1 % દલાલી લીધી. વિનોદભાઈને આ દુકાન વેચતાં કેટલા રૂપિયા મળ્યાં?
4. ધર્મેન્દ્રભાઈએ ₹ 8,80,000માં એક પ્લૉટ દલાલ મારફતે વેચ્યો. દલાલે આ કામ માટે તેમની પાસેથી 1.5 % દલાલી લીધી. ધર્મેન્દ્રભાઈને આ પ્લૉટ વેચતાં કેટલા રૂપિયા મળ્યા?
5. મનોજભાઈએ ₹ 2,50,000માં એક જૂનું ટ્રેક્ટર દલાલ મારફત ખરીદ્યું. દલાલે વેચનાર પાસેથી 1 % અને ખરીદનાર પાસેથી 2 % દલાલી લીધી. દલાલને કુલ કેટલા રૂપિયા દલાલી મળી હશે ?

- **વળતર (Rebate / discount) :**

કોઈ પણ વસ્તુ મહત્તમ કેટલા રૂપિયામાં વેચી શકાય તેની કિંમત વસ્તુ પર MRP તરીકે છાપેલી હોય છે. **MRP** એટલે **Maximum Retail Price.**

છાપેલી કિંમત કરતાં જેટલી રકમ વેપારી ઓછી લે તેટલી રકમને ખરીદનાર માટે **વળતર** કહેવાય.

વળતર = છાપેલી કિંમત × વળતરના ટકા

ચૂકવવાની રકમ = છાપેલી કિંમત − વળતર

ઉદાહરણ 4 : શર્ટની છાપેલી કિંમત ₹ 400 છે તેના પર 40 % વળતર અપાય છે. જો આ શર્ટ ખરીદવું હોય તો કેટલાં રૂપિયા ચૂકવવા પડે ?

∴ શર્ટ પર વળતર = છાપેલી કિંમત × વળતરના ટકા

= ₹ (400 × 40 %)

= ₹ $\left(400 \times \frac{40}{100}\right)$

= ₹ 160

∴ ચૂકવવાની રકમ = છાપેલી કિંમત − વળતર

= ₹ 400 − ₹ 160

= ₹ 240

∴ આ શર્ટ ખરીદવું હોય તો 240 રૂપિયા ચૂકવવા પડે.

ઉદાહરણ 5 : ફ્રોકની છાપેલી કિંમત ₹ 360 છે. વેપારી તેના પર 10 % વળતર આપે છે, તો ખરીદનારે તેના કેટલાં રૂપિયા ચૂકવવા પડે ?

ઉકેલ : ફ્રૉક પર વળતર = છાપેલી કિંમત × વળતરના ટકા

= ₹ (360 × 10 %)

$= \left(360 \times \frac{10}{100}\right)$

= ₹ 36

∴ ચૂકવવાની રકમ = છાપેલી કિંમત − વળતર

= ₹ 360 − ₹ 36

= ₹ 324

∴ ખરીદનારે ફ્રૉક માટે 324 રૂપિયા ચૂકવવા પડે.

મહાવરો : 3

1. નીચે આપેલ વિગતના આધારે ગણતરી કરી કોષ્ટક પૂરું કરો :

વસ્તુ	MRP(₹)	વળતર
ટુવાલ	125	15 %
પડદા	750	10 %
બિસ્કિટ 1 kg	40	5 %

ક્રમ	વસ્તુ	MRP (₹)	% વળતર	વળતરની રકમ (₹)	ચૂકવવાની રકમ (₹)
(1)	ટુવાલ				
(2)	પડદા				
(3)	બિસ્કિટ 1 kg				

2. ગણતરી કરી કોષ્ટક પૂર્ણ કરો :

ક્રમ	પુસ્તક	MRP (₹)	વળતર	ચૂકવવાની રકમ (₹)
(1)	સત્યના પ્રયોગો	20	10 %	
(2)	શ્રીમદ્ ભગવદ્ગીતા	65	20 %	
(3)	બાઈબલ	60	20 %	
(4)	દિવાસ્વપ્ન	80	5 %	
(5)	પંચતંત્ર	120	15 %	

3. **પ્રોજેક્ટ :** છાપામાં આપેલી વળતર દર્શાવતી જાહેરાતોનું કટિંગ કરી તે વસ્તુની કિંમત શોધો.

- **વ્યવહારુ કોયડા :**

ઉદાહરણ 6 : સાડીનો એક વેપારી 20 % વળતરે ₹ 600ની છાપેલી કિંમતવાળી અમુક સાડીઓ લાવે છે. આ દરેક સાડી તે ₹ 540 લેખે વેચે, તો તેને સાડી દીઠ કેટલાં રૂપિયા નફો કે ખોટ થાય ? આ સાડી પર ગ્રાહકને કેટલા ટકા વળતર મળ્યું કહેવાય ?

વેપારીને મળતું વળતર = છાપેલી કિંમત × વળતરના ટકા

$= ₹\ (600 \times 20\ \%)$

$= ₹\ \left(600 \times \frac{20}{100}\right)$

$= ₹\ 120$

સાડીની પ.કિં = છાપેલી કિંમત − વળતર

$= ₹\ 600 - ₹\ 120$

$= ₹\ 480$

આ સાડી વેપારી ₹ 540 માં વેચે છે.

(1) સાડી દીઠ થતો નફો = વેચાણકિંમત − પડતર કિંમત

$= ₹\ 540 - ₹\ 480$

$= ₹\ 60$

ગ્રાહકને મળતું વળતર = છાપેલી કિંમત − ચૂકવેલ રકમ

= ₹ 600 − ₹ 540

= ₹ 60

∴ ગ્રાહકને ₹ 600 પર મળતું વળતર = ₹ 60

(2) ગ્રાહકને મળતા વળતરના ટકા = ₹ $\left(100 \times \frac{60}{600}\right)$

= 10 %

∴ ગ્રાહકને સાડી પર 10 % વળતર મળ્યું કહેવાય.

મહાવરો : 4

1. એક વેપારી 10 % વળતરે ₹ 450ની છાપેલી કિંમતવાળા અમુક ટી-શર્ટ લાવે છે. લાંબા સમય સુધી તે ન વેચાતાં વેપારી તે દરેક ટી-શર્ટ ₹ 360 લેખે વેચી દે છે, તો તેને ટી-શર્ટ દીઠ કેટલો નફો કે ખોટ થાય ? આ ટી-શર્ટ પર ગ્રાહકને કેટલા ટકા વળતર મળ્યું કહેવાય ?

2. એક વેપારી 20 % વળતરે ₹ 18,000ની છાપેલી કિંમતવાળા અમુક ટીવી લાવે છે. લાંબા સમય સુધી તે ન વેચાતાં વેપારી તે દરેક ટીવીની છાપેલી કિંમત પર ₹ 2700 વળતર આપીને વેચી દે છે, તો તેને ટીવી દીઠ કેટલા રૂપિયા નફો કે ખોટ થાય ? આ ટીવી પર ગ્રાહકને કેટલા ટકા વળતર મળ્યું કહેવાય ?

સ્વાધ્યાય

1. આપેલ વિગતના આધારે વેચાણકિંમત ગણતરી કરી લખો :

મૂળ કિંમત (₹)	ખરાજાત (₹)	નફો %	ખોટ %	વેચાણકિંમત (₹)
1800	–	–	7	
630	70	10	–	
1050	150	4	–	

2. એક વેપારી ₹ 750ની છાપેલી કિંમતવાળા અમુક કૅમેરા લાવે છે. આ દરેક કૅમેરા 10 % વળતરથી તે વેચે તો ગ્રાહકે તેના કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

3. સાડીનો એક વેપારી 25 % વળતરે ₹ 1600ની છાપેલી કિંમતવાળી અમુક સાડી લાવે છે. આ દરેક સાડી ₹ 1440 લેખે વેચે છે, તો તેને સાડીદીઠ કેટલા રૂપિયા નફો કે ખોટ થાય ? આ સાડી દીઠ છાપેલી કિંમત પર ગ્રાહકને કેટલા ટકા વળતર મળ્યું કહેવાય ?

4. એક ટેલિવિઝનની મૂળ કિંમત ₹ 14,750 છે. તેના પર ગ્રાહકને 20 % વળતર મળે છે, તો ગ્રાહકને ટેલિવિઝન કેટલા રૂપિયામાં પડે ?

5. ટી-શર્ટની એક દુકાનમાં 10 % વળતર આપવામાં આવે છે. સોહન એ દુકાનમાંથી ₹ 300 ની છાપેલી કિંમતવાળા 5 ટી-શર્ટ ખરીદે છે. એ તમામ ટી-શર્ટ સોહન ₹ 1485 માં વેચી દે છે. તો તેને નફો થાય કે ખોટ ? કેટલા રૂપિયા ?

જવાબ

મહાવરો : 1

1. (1) 63 રૂપિયા (2) 44 રૂપિયા (3) 1120 રૂપિયા (4) 204 રૂપિયા
(5) 1425 રૂપિયા (6) 21 રૂપિયા (7) 1710 રૂપિયા (8) 716 રૂપિયા (9) 4620 રૂપિયા

2. 560 રૂપિયા **3.** 18,144 રૂપિયા **4.** 13,725 રૂપિયા **5.** 8,55,000 રૂપિયા **6.** 62,700 રૂપિયા

મહાવરો : 2

1. 15,300 રૂપિયા **2.** 4000 રૂપિયા **3.** 7,42,500 રૂપિયા **4.** 8,66,800 રૂપિયા **5.** 7500 રૂપિયા

મહાવરો : 3

1. (1) ₹ 18.75, ₹ 106.25 (2) ₹ 75, ₹ 675 (3) ₹ 2, ₹ 38

2. (1) ₹ 18 (2) ₹ 52 (3) ₹ 48 (4) ₹ 76 (5) ₹ 102

મહાવરો : 4

1. (1) ખોટ ₹ 45, 20 % વળતર (2) નફો ₹ 900, 15 % વળતર

સ્વાધ્યાય

1. (1) ₹ 1674 (2) ₹ 770 (3) ₹ 1248

2. (1) ₹ 675 **3.** (1) ₹ 240 નફો, 10 % વળતર

4. ₹ 11,800 **5.** ₹ 135 નફો

ચાલો સમજીએ

કોઈ પણ માલના મૂલ્યમાં ઉત્પાદનથી વિતરણ સુધીના દરેક તબક્કે વધારો થતો રહે છે. વેટ (VAT એટલે Value Added Tax) એ કોઈ પણ માલના મૂલ્યમાં દરેક તબક્કે થતાં વધારા પર વસૂલ કરાતો વેરો છે. ખરેખર તો વેટ એ માલની વેચાણકિંમત પર લેવામાં આવતો એક પ્રકારનો વેચાણવેરો જ છે.

વેટ હેઠળ વેપારીએ માલની ખરીદી વખતે જે-તે માલ વેચનારને વેટ આપવો પડે છે. તે જ રીતે માલના વેચાણ સાથે જે-તે માલ ખરીદનાર પાસેથી વેટ વસૂલ કરવાનો હોય છે. ત્યારબાદ તે વેપારીએ સરકારમાં ભરવાના વેરાની ગણતરી સમયે પોતે વસૂલ કરેલ વેટમાંથી પોતે ખરીદી વખતે ચૂકવેલ વેટ બાદ કરીને બાકીની રકમ સરકારમાં ભરવાની હોય છે.

ઉદાહરણ : એક વેપારી ₹ 50,000માં ખરીદેલો માલ ₹ 60,000માં વેચે છે. જો વેટ 4 % હોય, તો

(1) વેપારીએ સરકારને ચૂકવેલી વેટની રકમ શોધો.

(2) વેપારીએ ગ્રાહક પાસેથી વસૂલ કરેલ વેટની રકમ શોધો.

(3) છેલ્લે વેપારીએ સરકારમાં જમા કરાવવાની વેટની રકમ શોધો.

ઉકેલ :

(1) વેપારીએ સરકારને ચૂકવેલી વેટની રકમ = ₹ 50,000 ના 4 % = ₹ 2000

(2) વેપારીએ ગ્રાહક પાસેથી વસૂલ કરેલ વેટની રકમ = ₹ 60,000 ના 4 % = ₹ 2400

(3) છેલ્લે વેપારીએ સરકારમાં જમા કરાવવાની વેટની રકમ

= વેચાણ વખતે વસૂલ કરેલ વેટ – ખરીદી કરતી વખતે ચૂકવેલ વેટ

= ₹ 2400 – ₹ 2000 = ₹ 400

આટલું વિશેષ જાણીએના જવાબ :

1. 

2. 

3. (1) 5 ચોરસ (2)  (3) 

4.